# આઈએલએન્ડએફએસ ઈન્ફ્રા એસેટ મેનેજમેન્ટ લિ. એ આઈએલએન્ડએફએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફંડ માટે ૭.૫૦ અબજનું ભંડોળ ઊભુ કર્યું

મુંબઇ : ૧૬ ડિસેમ્બર, ૨૦૧૩ : આઇએલએન્ડએફએસ ફાયનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડ (આઇએફઆઇએન) દ્વારા આઇએલએન્ડએફએસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફંડ (આઇઆઇડિએફ)ના વ્યવસ્થાપન માટે ઊભી કરવામાં આવેલી એસેટ મેનેજમેન્ટ કંપની, આઇએલએન્ડએફએસ ઇન્ફ્રા એસેટ મેનેજમેન્ટ લિમિટેડ (આઇઆઇએએમએલ) દ્વારા ફંડના પહેલા સમૂહમાં રજૂ થનારી આઇઆઇડીએફ શ્રેણીના અનુક્રમે પાંચ, સાત અને દસ વર્ષ માટેની ૧સી ક્લોઝ એન્ડેડ સ્કીમ્સ : ૧એ- ૧બી અને માટેનું ભંડોળ ૭.૫૦ અબજ ઊભું કર્યું છે. રોકાણકારો પાસેથી સફળતાપૂર્વક આ ભંડોળ મેળવનારી આ પહેલી આઇડીએફ છે. આ પ્રસંગે બોલતાં આઇએલએન્ડએફએસ જૂથના પ્રમુખ શ્રી રવિ પાર્થસારથીએ કહ્યું હતું કે, આઇડીએફ એ ભારતમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં વિકાસ માટે આઇએલએન્ડએફએસ દ્વારા કરવામાં પ્રયાસોમાં આપવામાં યોગદાનનું એક અભિન્ન અંગ છે. વધુમાં, આઇએફઆઇએનના મેનેજિંગ



ડિરેક્ટર અને સીઇઓ શ્રી રમેશ બાવા ઉમેર્યું હતું કે, આ પ્રારંભિક ભંડોળનું એકત્રિકરણ તો શરૂઆત માત્ર છે. અમે તો લાંબા ગાળાના સ્થાનિક અને વિદેશી રોકાણકારોની મદદથી વિવિધ યોજનાઓની રજૂઆત દ્વારા એસેટ મેનેજમેન્ટ હેઠળ પાંચ અબજ અમેરિકી ડોલરનું ભંડોળ એકત્ર કરવાનું લક્ષ્ય રાખીએ છીએ. વર્ષ ૨૦૧૧માં સરકાર દ્વારા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફંડ માટેના નીતિનિયમો જાહેર કર્યા ત્યાર પછી, ભારતીય જીવન વીમા નિગમની સાથે મળીને મ્યુચ્યઅલ ફંડના માળખામાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેબ્ટ ફંડ રજૂ કરવાનો ઉદ્દેશ જાહેર કરનારી સંસ્થાઓમાં આઇએફઆઇએન હતી. આ ફંડ, આઇએલએન્ડએફએસ આઇડીએફનું ઉદ્‌ઘાટન ૯ ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ મુંબઇ ખાતે માનનીય નાણાપ્રધાન પી.ચિદમ્બરમના શુભહસ્તે કરવામાં આવ્યું. આઇઆઇએએમએલના પ્રથમ સમૂહ હેઠળ આઇઆઇડીએફ સ્કીમ્સની રજૂઆત જૂન ૨૦૧૩માં કરવામાં આવી. જેને ભારતની બે રેટિંગ એજન્સીઓ, ઇન્ડિયા રેટિંગ અને રિસર્ચ એન્ડ કેર દ્વારા મહત્તમ રેટિંગ મેળવ્યું. ત્યારથી આઇએલએન્ડએફએસ આઇડીએફની સ્કીમ્સ પીએફઆરડીએ અને આઇઆરડીએ દ્વારા રોકાણ માટે માન્યતાપ્રાપ્ત છે. એવી જ રીતે રાષ્ટ્રીય પેન્શન યોજના અને વીમા કંપનીઓ માટે પણ રોકાણ માટે માન્યતાપ્રાપ્ત છે. આ ઉપરાંત આઇઆઇએએમએલ દ્વારા આઇએલએન્ડએફએસ આઇડીએફની સ્થાનિક લોકને ધ્યાનમાં રાખીને વીમા અને પેન્શન ફંડ્સ માટે કેટલીક સ્કીમ્સ માટે તથા કેટલાંક વિદેશી રોકાણકારો દ્વારા ફિડર ફંડના માર્ગે ભંડોળ ઊભું કરવાનો પ્રસ્તાવ કરવામાં આવેલો છે.